# SARDAR PATEL UNIVERSITY
# VALLABH VIDHYANAGAR
## INTERNAL QUALITY ASSURANCE CELL (IQAC)
## Departmental visit (16th-17th-18th November 2016)
### કાર્યાલય નોંધ

આગામી NAAC Peer-Team ની Accreditation અંગેની visitના સંદર્ભમાં તારીખઃ ૯/૧૧/૨૦૧૬ના રોજ જાહેર થયેલી અને પરિપત્રિત થયેલી Departmental visit ના સંદર્ભમાં Presentation અને આનુસાંગિક તૈયારીઓની જાત તપાસ માટે તારીખઃ ૧૬, ૧૭ અને ૧૮ નવેમ્બર ૨૦૧૬ દરમિયાન કુલપતિશ્રી, પ્રો. ડૉ. એન.વી. શાસ્ત્રી, કૉ-ઑર્ડિનેટર, આઇક્યુએસી તથા નાયબ કુલસચિવ સમયની અનુકૂળતા કરીને ગયા હતા.

સમિતિએ નીચે પ્રમાણે અવલોકનો કર્યા છે.

૧. Wi-Fi Campus તથા Bulk SMS અંગેની કાર્યવાહી ચાલુ છે તેની માહિતી કુલપતિશ્રીએ અનુસ્નાતક ભવનોની મુલાકાત દરમિયાન જણાવી હતી.

૨. અનુસ્નાતક Physics વિભાગમાં Collapsible Gate સત્વરે રીપેર કરાવવા સદર અનુસ્નાતક વિભાગ તેમની લેવલે એસ્ટેટ વિભાગ સાથે પરામર્શન કરી રિપેર કરાવી લે.

૩. અનુસ્નાતક Mathematics વિભાગમાં Wash Room ની મરામત/રિનોવેશન સત્વરે કરાવવું જરૂરી છે તેમ વડાશ્રીએ રજૂઆત કરી હતી. જે અંગેની કામગીરી ચાલુ છે તેમા એસ્ટેટ વિભાગન દ્વારા પ્રાથમિકતા આપવી.

૪. અનુસ્નાતક Statistics વિભાગમાં ઉપયોગી એવા SAS Software ખરીદવા બાબતે સત્વરે પુનઃકાર્યવાહી કરવા વડાશ્રીને, કુલપતિશ્રીએ જણાવ્યું હતુ.

૫. અનુસ્નાતક Business Management (MBA) વિભાગની રજૂઆત મુજબ એક Computer Lab. Technician અને એક Clerical Staff ફાળવવા રજૂઆત થઇ હતી. મહેકમ વિભાગ દ્વારા કાર્યવાહી કરવી.

૬. અનુસ્નાતક English વિભાગમાં ફોલ્સ સિલિંગ તથા Computer Lab. માટે ફોલ્સ સિલિંગ નવેસરથી કરાવવા વડાશ્રીએ રજૂઆત કરી હતી. વિભાગના ડેવલોપમેન્ટ ફંડમાંથી ખર્ચ કરી તેમની કક્ષાએથી કામ પૂર્ણ કરવું.

૭. અનુસ્નાતક Biosciences વિભાગના વડાશ્રીએ રજૂઆત કરી હતી કે કેટલાક Equipment ને write off કરવાના છે, સદર બાબતે શ્રી સુલક્ષ શાહ, વડાશ્રી USIC ને જણાવીએ, યોગ્ય તે કાર્યવાહિ હાથ ધરી સત્વરે કામગીરી પૂરી કરે.

૮. અનુસ્નાતક Biosciences વિભાગમાં ગેટથી વિભાગના એન્ટ્રન્સ સુધી LED Light અંગેની કામગીરી પૂરી કરવા વડાશ્રીને, તેમના DDF માંથી પૂરી કરાવવા જાણ કરવામાં આવી.

૯. અનુસ્નાતક Biosciences વિભાગમાં કેન્ટીનને પણ પૂર્ણ રીતે કાર્યરત કરવા જરૂરી તમામ પગલા લેવા. જનરલ વિભાગ દ્વારા કાર્યવાહી કરવી.

૧૦. અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગની Renovation ની કામગીરી પૂરી કરવી. એસ્ટેટ વિભાગ દ્વારા પ્રાથમિકતા આપવી.

૧૧. Administrative Section અને Support Services ની મુલાકાત થઇ શકી ન હતી, તેમ છતાં તારીખઃ ૧૮/૧૧/૨૦૧૬ના રોજ બપોર પછી ૪.૦૦ કલાકે સેનેટ હોલમાં સંબંધિત વિભાગના વડાશ્રીઓ તથા એક Senior Person ની બેઠક કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. Display Board તથા તે અંગેની માહિતી, યુનિવર્સિટીના મુખ્ય બિલ્ડીંગમાં સાઇન બોર્ડ તથા અન્ય માહિતી અપડેટ કરાવા કુલ ત્રણ અધિકારીઓની કમિટિ ૧. શ્રી જયંત મેકવાન, ૨. ડૉ. શિશિર માંડલીયા તથા ૩. શ્રી અમોલ મોહિતેને બેઠકમાં જાણ કરવામાં આવી હતી. શ્રી જયંત મેકવાને તમામ વિભાગોની માહિતી એકત્રિત થઇ ગઇ છે તેમ સભામાં જણાવ્યું હતુ અને હવે તેના સંદર્ભમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૧૨. હ્યુમેનિટિઝ વિભાગમાં વડાશ્રી દ્વારા કરવામાં આવનારા Presentation ને વધુ અસરકારક બનાવવા માટે સત્વરે Business Studies department ના ડૉ. કામિનિબેન શાહ, ડૉ. અંકુર અમીન, શ્રી બ્રિજેશભાઈ તથા ડૉ. જ્યોતિબેન તિવારીની સેવાઓ લઈ જરૂરિયાત મુજબ Updation કરાવવું. કાર્યવાહિ ચાલુ થઈ ગઈ છે.

૧૩. December-2016 સુધીની માહિતીનો સમાવેશ કરવો.

૧૪. Power-Point Presentation ની કમિટીમાં ઉપરોક્ત ત્રણ ફેકલ્ટીનો સમાવેશ કરવો. (સંબંધકર્તાઓને જાણ કરી)

૧૫. અનુસ્નાતક કોમ્પ્યુટર સાયન્સ વિભાગની મુલાકાત દરમિયાન વિશાળ કોમ્પ્યુટર લેબ અને તેના વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગિતાથી કુલપતિશ્રીને માહિતગાર કરવામાં આવ્યા હતા. કુલપતિશ્રીએ તમામને અભિનંદન પાઠવી, આગામી જુન- ૨૦૧૭થી સરકારશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટીના UG/PG ના Admission 'Online Admission' માટેની તમામ જરૂરિયાતો Department ને પૂરી પાડવાની શરતે, સત્વરે એક Proposal તૈયાર કરી યુનિવર્સિટીને તારીખઃ ૨૧-૧૧-૨૦૧૬ (સોમવાર) સુધી મોકલી આપવાની કુલપતિશ્રીએ સૂચના આપી હતી.

૧૬. સમિતિએ યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની પણ મુલાકાત લીધી હતી અને જરૂરી સૂચનો કર્યા હતા. સદર મુલાકાત દરમિયાન શ્રી પરાગભાઇ વૈધ તથા શ્રી સુલક્ષભાઇ શાહ પણ હાજર રહ્યા હતા અને કુલપતિશ્રીએ તેઓને આપેલી સૂચનાઓ ઉપર સત્વરે કામગીરી હાથ ધરવા આદેશ કર્યો હતો.

૧૭. અનુસ્નાતક ભવનોમાં વડાશ્રીને મળેલ Delegation of Powerના સંદર્ભમાં જરૂરી યુનિવર્સિટી પ્રસ્થાપિત પ્રક્રિયા/કાર્યવાહી હાથ ધરી, અનુસ્નાતક ભવનોની જરૂરિયાત વડાશ્રીએ પૂરી કરી લેવી. નાણાંકીય, વહીવટી અને એસ્ટેટ વિભાગને લગતી કામગીરી માટે કુલસચિવશ્રી, મુખ્ય હિસાબી અધિકારી અને યુનિવર્સિટી ઇજનેરશ્રી સ્થળ તપાસ કરી અનુસ્નાતક વિભાગોને અન્ય જરૂરિયાત ઉપલબ્ધ કરાવવા મદદરૂપ થાય, તેમ આ સમિતિ ભલામણ કરે છે.

નં. આઇક્યુએસી/૧૬-૧૭/૨૮૭
તારીખઃ ૨૧-૧૧-૨૦૧૬
વલ્લભ વિદ્યાનગર

નાયબ કુલસચિવ
(આઇક્યુએસી)